Divyabhaskar

EDII

May 16, 2023
Pg.3

યુવતીને 83 લાખનું પેકેજ અપાયું, હાથમાં 21 લાખ આવશે, ચાર વર્ષે કંપનીના 60 લાખના શેર મળશે

# સ્ટાર્ટઅપમાં ઊંચા પગારને બદલે ભાગીદારીનો ટ્રેન્ડ

## પગારની તમામ રકમ મળતી નથી, પરંતુ અમુક ભાગ બોનસ અને સ્ટોક સ્વરૂપમાં રાખી અપાય છે

**ભાસ્કર એક્સક્લુઝિવ**

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

સ્ટાર્ટઅપને જાણીતી ઈન્સ્ટિટ્યૂટમાંથી વિદ્યાર્થીઓને નોકરી આપવા ઊંચો પગાર આપવો પરવડે તેમ હોતો નથી, જેથી હવે સ્ટાર્ટઅપની સાથે ઘણી જાણીતી કંપનીઓ પણ નવા કર્મચારીઓને પગારની સાથે કંપનીમાં ભાગીદારીની ઓફર કરી રહી છે. નવી નોકરી માટે અપાતા જોબ પેકેજની તમામ રકમ વિદ્યાર્થીને મળતી નથી, પરંતુ તેમાં અમુક ભાગ કામ, અનુભવ, બોનસ અને સ્ટોક (ભાગીદારી)સ્વરૂપે રાખવામાં આવે છે. કંપનીમાં ભાગીદારીને કારણે સ્ટાર્ટઅપને જાણીતી ઈન્સ્ટિટ્યૂટમાંથી સારા વિદ્યાર્થીઓ પણ મળી રહ્યા છે.

ચાર્મી મહેતા નામની એક યુવતીએ રાંચીની એક કોલેજમાંથી કમ્પ્યુટર સાયન્સમાં ડિગ્રી મેળવી છે. તેને એક કંપનીએ 83.38 લાખનું નોકરીનું પેકેજ અપાયું છે. ચાર્મીના જણાવ્યા પ્રમાણે, મને સૌથી વધારે પેકેજ 83.38 લાખનું ઓફર થયું છે, પરંતુ વર્ષે હાથમાં રૂ. 21 લાખ જ મળશે. કંપનીમાં ચાર વર્ષની નોકરી પૂરી કરીશ ત્યારે મને 60 લાખના કંપનીના શેર મળશે. ઉપરાંત બોનસ, પર્ફોર્મન્સ એલાઉન્સ વગેરે પણ તેમાં જોડાયેલા છે, પરંતુ કંપનીમાં અનુભવ મહત્ત્વનો રહેશે.

કોઈ પણ કંપનીએ જાણીતી ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓને પોતાની સાથે જોડવા માટે મોટા પગારની ઓફર કરવી પડે છે. સારા ઉમેદવારોને નોકરી આપવાની સ્પર્ધામાં સ્ટાર્ટઅપ પણ ઇચ્છે છે કે, સારી ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ તેઓની સાથે જોડાય, પરંતુ સ્ટાર્ટઅપ આર્થિક રીતે મજબૂત ન હોવાથી તેઓ ઊંચા પગારની ઓફર કરી શકતા નથી, જેના ભાગરૂપે સ્ટાર્ટઅપ હવે પગારની સાથે કંપનીમાં ભાગીદારી પણ આપી રહ્યાં છે, પરંતુ આ માટે પસંદ થયેલા ઉમેદવારે ચાર વર્ષ કંપનીમાં પસાર કરવા ફરજિયાત હોય છે. ત્યાર બાદ તેઓ કંપનીની ભાગીદારી રૂપે મળેલા શેરનો ઉપયોગ કરી શકે છે.

### કોલેજ પાસ વિદ્યાર્થીઓ માટે મોટી તક રહેલી છે

કોલેજ પાસઆઉટ વિદ્યાર્થીને પગારની સાથે અપાતી ભાગીદારીની ઓફર મોટી તક છે, કારણ કે વિદ્યાર્થીને મોટી કંપનીમાં નોકરી બાદ જે-તે વિભાગનો અનુભવ મળે છે, જ્યારે સ્ટાર્ટઅપમાં ટેક્નોલોજી, માર્કેટિંગ, પ્રોડક્ટ જેવી તાલીમ મળે છે. સ્ટોક આપવાની પ્રક્રિયાને કારણે સ્ટાર્ટઅપને પણ સારા કર્મચારીઓ મળી રહે છે. જો કોઈ સ્ટાર્ટઅપ મોટી કંપની કે મોટો નફો કમાતી કંપની બનશે તો તેના શેરના ભાવમાં પણ વધારો થશે. » ડો. સત્યા રંજન આચાર્ય, પ્રોફેસર, ઈડીઆઈઆઈ

### ઊંચો પગાર ન આપે તો સ્ટોક ઓફર કરાય છે

વિદ્યાર્થીઓને અપાતા જોબ પેકેજમાં એક ફિક્સ કોમ્પોનેન્ટ અને પર્ફોર્મન્સ પ્રમાણે બીજા ભાગ હોય છે. જે સ્ટાર્ટઅપ ઊંચો પગાર આપી શકતા નથી, તે સ્ટોક (ભાગીદારી) આપવાનો વિકલ્પ વિદ્યાર્થીઓને જોબ પેકેજમાં આપે છે. સામાન્ય રીતે આપેલા સ્ટોક ચાર વર્ષના કરાર બાદ તેનો ઉપયોગ કરી શકાય છે. » પ્રો. અંકુર સિંહા, આઈઆઈએમ- અમદાવાદ